# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળના તિરુવનંતપુરમમાં વિવિધ વિકાસલક્ષી યોજનાની શરૂઆત કરાવી.
2. કેન્દ્ર સરકારે જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ અને રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક નાબાર્ડ માટે વેતન સુધારણાને મંજૂરી આપી
3. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આજે નેતાજી સુભાષચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી
4. ભારત અને યુરોપિયન સંઘ પરિવહન પ્રણાલીઓમાં સહયોગ વધારવા સંમત થયા
5. ક્રિકેટમાં, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે રાયપુરમાં બીજી **T-20** મેચ રમાશે.

,,.......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM- KERALA (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેરળના તિરુવનંતપુરમમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ શરૂ કર્યા અને નવી ટ્રેન સેવાઓનો શુભારંભ કરાવ્યો. શ્રી મોદીએ પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું અને એક લાખ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ લોનનું વિતરણ કર્યું.

શ્રી મોદીએ ચાર નવી ટ્રેન સેવાઓનો પણ શુભારંભ કરાવ્યો , જેમાં ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન અને એક પેસેન્જર ટ્રેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત , તેમણે CSIR-NIIST ઇનોવેશન, ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતા હબનો શિલાન્યાસ કર્યો.

આ ઉપરાંત, તેમણે શહેરમાં શ્રી ચિત્રા તિરુનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર મેડિકલ સાયન્સિસ એન્ડ ટેકનોલોજી ખાતે એક અત્યાધુનિક રેડિયોસર્જરી સેન્ટરનો શિલાન્યાસ કર્યો અને નવી પૂજાપુરા હેડ પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન કર્યું.

તિરુવનંતપુરમમાં સંબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું કે , સમગ્ર રાષ્ટ્ર 'વિકસિત ભારત'ના ઉદ્દેશ્ય તરફ એકીકૃત રીતે કામ કરી રહ્યું છે અને 'વિકસિત ભારત'માં શહેરોની મોટી ભૂમિકા છે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્ર સરકાર છેલ્લા 11 વર્ષથી શહેરી માળખાગત સુવિધાઓ પર ઘણું રોકાણ કરી રહી છે.

## (બાઈટ – પીએમ ડેવલપમેન્ટ)

આવકવેરાના દરોમાં સુધારાનો ઉલ્લેખ કરતા , પ્રધાનમંત્રીએ કહ્યું કે કેરળમાં મધ્યમ વર્ગના લોકોને પણ આવકવેરા મુક્તિનો લાભ મળ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પીએમ સ્વાનિધિ યોજના દ્વારા શેરી વિક્રેતાઓને ક્રેડિટ કાર્ડ મળી રહ્યા છે , જે ભૂતકાળમાં ફક્ત શ્રીમંત લોકો પાસે હતા.

શ્રી મોદીએ ચાર નવી ટ્રેન સેવા શરૂ થવા અંગે આ મુજબ કહ્યું હતું.

## (બાઇટ પીએમ અમૃત ભારત ટ્રેન)

. . . . . . . . . .

# GOVT-WAGE REVISION

કેન્દ્ર સરકારે જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ અને રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક નાબાર્ડ માટે વેતન સુધારણાને મંજૂરી આપી છે. ભારતીય રિઝર્વ બેંક અને નાબાર્ડના નિવૃત્ત કર્મચારીઓ માટે પેન્શન સુધારણાને પણ મંજૂરી આપવામાં આવી છે.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાંથી લગભગ 46 હજાર 322 કર્મચારીઓ, 23 હજાર 570 પેન્શનરો અને 23 હજાર 260 કુટુંબ પેન્શનરોને લાભ થશે. આ નિર્ણયનો ઉદ્દેશ્ય લાભાર્થીઓને નિવૃત્તિ પછી પ્રતિષ્ઠિત જીવનધોરણ જાળવી રાખીને વધતા જીવન ખર્ચને વધુ સારી રીતે સંચાલિત કરવામાં મદદ કરીને અર્થપૂર્ણ રાહત પૂરી પાડવાનો છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓના કર્મચારીઓ માટે વેતન સુધારણા 1 ઓગસ્ટ 2022 થી અમલમાં આવશે. નાબાર્ડ અને આરબીઆઈ કર્મચારીઓ માટે, પગાર અને ભથ્થામાં સુધારો 1 નવેમ્બર 2022 થી અમલમાં આવશે.

. . . . . . . . .

# SUBHASH CHANDR BOZ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નેતાજી સુભાષચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આજના દિવસને પરાક્રમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે નેતાજી સુભાષચંદ્ર બોઝના સ્વતંત્રતાના આહ્વાનથી લાખો ભારતીયોમાં હિંમત , આત્મવિશ્વાસ, એકતા અને રાષ્ટ્રવાદની ભાવના જાગૃત થઈ. રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમણે આઝાદ હિંદ ફોજ દ્વારા ભારતના સ્વતંત્રતા આંદોલનને નિર્ણાયક નેતૃત્વ પૂરું પાડ્યું અને તેને વૈશ્વિક મંચ પર પહોંચાડ્યું.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે નેતાજી સુભાષચંદ્ર બોઝનું નિર્ભય નેતૃત્વ , અદમ્ય હિંમત અને ભારતની સ્વતંત્રતા પ્રત્યેની અટલ પ્રતિબદ્ધતા પરાક્રમનું પ્રતિનિધિત્વ કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે નેતાજી સુભાષચંદ્ર બોઝના નિર્ભય નેતૃત્વ અને અટલ દેશભક્તિના પ્રતીક હતા, અને તેમના આદર્શો પેઢીઓને મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે પ્રેરણા આપતા રહેશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં ઇન્ડિયા ગેટ પાસે નેતાજીની ભવ્ય પ્રતિમાની સ્થાપના ગુલામ માનસિકતાના ત્યાગ અને નેતાજી સુભાષ ચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિનું પ્રતીક છે.

દરમ્યાન ગૃહમંત્રી અમિત શાહે નેતાજી સુભાષચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે નેતાજીને યાદ કરતા કહ્યું કે શ્રી બોઝે દેશની સ્વતંત્રતા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. શ્રી શાહે યુવાનોને નેતાજીના જીવન અને તેમની નીડરતા શૌર્ય અંગે જાણવા વિનંતી કરી જેથી રાષ્ટ્રની રક્ષા કરવાનો તેમનો સંકલ્પ વધુ મજબૂત બને.

. . . . . . .

# VP- ODISHA VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન આજે સવારે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ 'પરાક્રમ દિવસ' નિમિત્તે ઓડિશાની એક દિવસની મુલાકાતે ભુવનેશ્વર પહોંચ્યા.

ઓડિશાના રાજ્યપાલ ડૉ. હરિબાબુ કંબમપતિ, મુખ્યમંત્રી મોહન ચરણ માંઝી અને અન્ય મહાનુભાવોએ રાજ્યની તેમની પ્રથમ મુલાકાતે બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય હવાઇમથક પર ઉપરાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું. ઉપરાષ્ટ્રપતિ કટકમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મસ્થળ જાનકીનાથ ભવનની મુલાકાત લેશે.

શ્રી રાધાકૃષ્ણન કટકમાં નેતાજી જન્મસ્થાન સંગ્રહાલય સંકુલ નજીક નવનિર્મિત જિલ્લા સાંસ્કૃતિક ભવનનું પણ ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . .

# PM THACKERAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બાળાસાહેબ ઠાકરેને તેમની જન્મ શતાબ્દી પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે બાળાસાહેબ એક ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ ધરાવતા હતા જેમણે મહારાષ્ટ્રના સામાજિક-રાજકીય પરિદૃશ્યને ગહન રીતે આકાર આપ્યો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ તેમની બુદ્ધિ, શક્તિશાળી વક્તૃત્વ કૌશલ્ય અને અડગ વિશ્વાસ માટે જાણીતા હતા, અને જનતા સાથે તેમનો સંપર્ક અજોડ હતો. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે બાળાસાહેબને સંસ્કૃતિ, સાહિત્ય અને પત્રકારત્વ પ્રત્યે ઊંડો પ્રેમ હતો. શ્રી મોદીએ કહ્યું કે કાર્ટૂનિસ્ટ તરીકેની તેમની કારકિર્દી સમાજના તેમના તીક્ષ્ણ અવલોકન અને વિવિધ મુદ્દાઓ પર તેમની નિર્ભય ટિપ્પણીને પ્રતિબિંબિત કરે છે..

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . .**

# VASANT PANCHMI

ભારતની વિવિધતામાં એકતાને દર્શાવતા વસંત-પંચમીનો પાવન તહેવાર દેશના સૌથી રંગીન અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ તહેવારોમાંથી એક છે. આ વસંત ઋતુનું સ્વાગત કરવા અને દેવી સરસ્વતીજીની પૂજ કરવા માટે ઉજવવામાં આવે છે.

તે જ્ઞાન, બુદ્ધિ અને નવી શરૂઆતનું સન્માન કરનારો તહેવાર છે. પંજાબ અને હરિયાણામાં પતંગ ઉડાડીને તથા પીળા વસ્ત્ર પહેરીને આ તહેવાર ઉજવાય છે. પહેલા લોકો એકસાથે બેસીને લોકગીત ગાતા હતા.

ઘરોમાં કેસરી રંગના મીઠા ભાત બનાવાય છે. આ વસંતનું સ્વાગત કરવા અને વસંતની સુંદરતા તથા કૃષિ સમૃદ્ધિનો ઉત્સવ ઉજવવાનું એક પ્રતિકાત્મક સંકેત છે. આ તહેવારને સારા પાકનો સંકેત પણ મનાય છે.

. . . . . .

# PREZ VP PM VASANT PANCHAMI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વસંત પંચમીના શુભ અવસર પર નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આ દિવસે લોકો જ્ઞાન અને બુધ્ધિની દેવી સરસ્વતીની પૂજા કરે છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને દેવી સરસ્વતીને સર્જનાત્મકતા અને સંવાદિતાના આશીર્વાદ આપે તેવી પ્રાથના કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વસંત પંચમીનો પવિત્ર તહેવાર પ્રકૃતિની સુંદરતા અને દિવ્યતાને સમર્પિત છે.

. . . . . . .

# VAISHNAW-INDIAN MOBILE BRANDS

ભારત આગામી 18 મહિનામાં પોતાની મોબાઇલ બ્રાન્ડ્સ લોન્ચ કરે તેવી શક્યતા છે. કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે દાવોસમાં વિશ્વ આર્થિક મંચની બેઠક દરમિયાન આ માહિતી આપી હતી.

શ્રી વૈષ્ણવે નોંધ્યું હતું કે ભારતમાં ખૂબ જ મહત્વપૂર્ણ ઇલેક્ટ્રોનિક્સ ઇકોસિસ્ટમ છે અને દેશ માટે મોબાઇલ ફોનમાં પોતાની બ્રાન્ડ્સ મેળવવાનો સમય આવી ગયો છે.

. . . . .

# CIVIL AVIATION-EU INDIA

ભારત અને યુરોપિયન સંઘ પરિવહન પ્રણાલીઓમાં સહયોગ વધારવા સંમત થયા છે. ગઈકાલે દાવોસમાં વિશ્વ આર્થિક મંચ દરમિયાન EU ટ્રાન્સપોર્ટ કમિશનર એપોસ્ટોલોસ ત્ઝિઝિકોસ્ટાસ અને નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ વચ્ચે મુલાકાત થઈ હતી.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે આ બેઠકમાં ટકાઉ ઉડ્ડયન ઇંધણ , પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રાથમિકતા આપવી અને ગ્રીન એવિએશન જેવા નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ટકાઉપણું , નવીનતા અને પર્યાવરણને અનુકૂળ પરિવહન પ્રણાલીઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

બંને પક્ષો એ સંકલન , સંયુક્ત પ્રમાણપત્ર , સાયબર સુરક્ષા અને ડ્રોન નિયમોમાં યુરોપિયન સંઘ ઊડ્ડયન સુરક્ષા એજન્સી અને નાગરિક ઊડ્ડયન મહાનિદેશાલય ડિરેક્ટોરેટ વચ્ચે સહયોગને મજબૂત કરવા સંમતિ થઈ હતી.

નાગરિક ઉડ્ડયન મંત્રીએ જણાવ્યું હતું કે સંયુક્ત કાર્યકારી જૂથોની સ્થાપના અને ટેકનોલોજી ટ્રાન્સફર કાર્યક્રમોના અમલીકરણ સહિત અનેક નવી પહેલો શરૂ કરવામાં આવશે. EU અને ભારત વચ્ચે સંબંધોને વધુ મજબૂત બનાવવા અને વૈશ્વિક ગ્રીન એવિએશન પહેલોમાં ભાગીદારી વધારવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . .

# CRICKET- T20I

ક્રિકેટમાં ભારત પાંચ મેચોની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની બીજી મેચમાં આજે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ન્યુઝીલેન્ડ સામે રમશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

કેપ્ટન સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારત હાલમાં શ્રેણીમાં 1-0 થી આગળ છે, ભારતે પ્રથમ મેચ 48 રનથી જીતી હતી. અભિષેક શર્માએ ઝડપી 84 અને રિંકુ સિંહે 44 રન બનાવ્યા, જ્યારે વરુણ ચક્રવર્તી અને શિવમ દુબેએ બે-બે વિકેટ લીધી કારણ કે ન્યુઝીલેન્ડ 239 રનના પીછો કરવામાં 190 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું.

. . . . . . . . . . . . .

# BADMINTON-INDONESIA MASTERS

જકાર્તામાં ઇન્ડોનેશિયા માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં આજે પીવી સિંધુ અને લક્ષ્ય સેન ક્વાર્ટર ફાઇનલમાં રમશે. મહિલા સિંગલ્સમાં પીવી સિંધુનો મુકાબલો ચીનની ચેન યુફેઈ સામે , જ્યારે પુરુષોની સિંગલ્સમાં લક્ષ્ય સેન થાઇલેન્ડના પાનીચાફોન તીરારાત્સાકુલ સામે રમશે.

સિંધુએ ડેનમાર્કની લાઇન હોજમાર્ક કેર્સફેલ્ડ્ટને 21-19, 21-18થી હરાવી હતી. લક્ષ્ય સેને હોંગકોંગના જેસન ગુનાવાનને 21-10 , 21-11થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

. . . . . . . . .